**–:: ૫લી લગત હુકમ ::–**

આ કામે ફરીયાદ પક્ષે આરોપી ઉપર પ્રોહીબીશન એકટની કલમ:૬૬–૧–બી, મુજબના ગુનાનો આરોપ મુકેલો છે. આરોપીએ સ્વૈચ્છીક રીતે ગુનો કબુલ કરી ગુના કબુલાત પુરસીસ કામમાં દાખલ કરેલી છે. તે રીતે આરોપીનું પ્રાથમિક નિવેદન લેતા આરોપીએ સ્વૈચ્છીક રીતે ગુનાનો સ્વીકાર કરી એવી રજુઆત કરી છે કે તેઓનો હાલનો પ્રથમ ગુનો છે. તેમની આર્થીક પરિસ્થિતી ખુબ જ નબળી છે. હવે પછી આ પ્રકારની ભુલ કરશે નહી. દયા કરી તેમને હળવી રકમનો દંડ કરવા અરજ કરેલ છે. આરોપી તેની સામેના આક્ષેપોનો સ્વીકાર કરતા હોય, આ ગુનાની કબુલાત સ્વૈચ્છીક હોવાની ખાતરી કરેલ છે. આરોપી ગુનાનો સ્વીકાર કરતા હોય તેમને તકસીરવાન ઠરાવ્યા સીવાય આ અદાલત પાસે બીજો કોઈ વિકલ્પ નથી. આ કામના આરોપીની રજુઆત તેમજ આર્થિક, સામાજીક, કૌટુંબીક પરીસ્થીતી નજર સમક્ષ રાખતા આરોપીને હળવી રકમનો દંડ કરવામા આવે તો ન્યાયનો હેતુ સરે તેમ છે. તે રીતે નામ.ગુજરાત હાઈકોર્ટના ચુકાદા STATE OF GUJARAT V/S NATVAR HARKHACHANDJI THAKOR 2005(1)=G.L.P.7-9, 2005(1) GCD 749 માં ઠરાવેલ સિધ્ધાંતો નજર સમક્ષ રાખતા કાયદામાં ઠરાવેલ લઘુતમ સજા કરતા પણ ઓછી સજા ખાસ સંજોગોમાં અદાલત કરી શકે છે તેવુ ઉપરોકત ચુકાદામાં ઠરાવેલુ છે. જે મુજબ નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**–:: આખરી હુકમ ::–**

આ કામના આરોપીને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૨ અન્વયે પ્રોહીબીશન એકટની કલમ–૬૬–૧–બી મુજબના ગુનામા તકસીરવાન ઠરાવી આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રૂા.૧૦૦/–(અંકે રુપીયા એક સો પુરા) નો દંડની સજા ભોગવવાનો હુકમ ફરમાવવામાં આવે છે અને જો આરોપી દંડ ન ભરે તો દિન–૩ (ત્રણ) ની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

તારીખ:૨૬–૦૬–૨૨
સ્થળ:ભાવનગર.

સહી:ડી.જે.પ્રજાપતી
૯માં એડી.ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ
ભાવનગર.
(જજ કોડ:જીજે:૦૦૮૮૨)